# કમિશનર શાળાઓની કચેરી
# ગુજરાત રાજ્ય
# ગાંધીનગર

# મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના
# ( ધોરણ 6 થી 12)

- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સસઅ/1022/ન.બા./192/ન તા. 07/06/2023 થી મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અમલમા આવેલ છે.
- આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી,શાળાઓ, ગાંધીનગરની રહેશે.

# મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનામા ક્યા વિદ્યાર્થીઓને લાભ મળશે ?

- રાજ્યમા સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામા ધોરણ 1 થી 5 મા સળંગ અભ્યાસ કરી ધોરણ 5 નો અભ્યાસ પુર્ણ કરેલ હોય અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ કોમન એન્ટ્રસ ટેસ્ટમા મેરીટમા  સમાવેશ થયેલ હોય તેવા કુલ 30 હજાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. જેમા સરકારના ધારાધોરણ મુજબ અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામા આવશે અને દરેક કેટેગરીમા 50 % લાભાર્થી કન્યાઓનો સમાવેશ થશે.

# મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનામા વિદ્યાર્થીઓ કઈ શાળાઓમા પ્રવેશ મેળવી શકશે ?

A. નિયામકશ્રી,શાળાઓ,ગાંધીનગર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ કરેલ સ્વનિર્ભર શળાઓમા અથવા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

B. 1. વિદ્યાર્થીએ જે અનુદાનિત શાળામા ધોરણ 5 સુધીનો સળંગ અભ્યાસ પુર્ણ કરી કોમન એન્ટ્રસ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ મેળવવાપાત્ર યોગ્ય ઠર્યો હોય અને તે પોતાની જુની અનુદાનિત શાળામા ધોરણ 6 મા પ્રવેશ મેળવવા માગતો હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ 6 થી 8 નો અભ્યાસક્રમ પુર્ણ કરી શકશે.

2. વિદ્યાર્થીએ જે સરકારી શાળામા ધોરણ 5 સુધીનો સળંગ અભ્યાસ પુર્ણ કરી કોમન એન્ટ્રસ ટેસ્ટ્મા મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ મેળવવપાત્ર યોગ્ય ઠર્યો હોય અને તે પોતાની જૂની સરકારી શાળા કે અન્ય સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૬ માં પ્રવેશ મેળવવા માંગતો હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ 6 થી 8 નો અભ્યાસક્રમ પુર્ણ કરી શકશે.

3. કોઇપણ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામા ધોરણ 9 થી 12 નો અભ્યાસ કરી શકશે.

C. શૈક્ષણિક વર્ષ પુર્ણ થયેથી જો કોઇ વિદ્યાર્થી શાળા બદલવા ઇચ્છે તો નિયામકશ્રી,શાળાઓ,ગાંધીનગર દ્વારા જાહેર કરેલ શાળાઓની પસંદગી પૈકીની શાળાઓમા પ્રવેશ મેળવી શકશે. એટલે કે ધો.6 પુર્ણ કર્યા બાદ ધો.7 મા શાળા બદલી શકશે.

# યોજના અંતર્ગત શાળા પસંદગીના ધારા ધોરણો

I. શાળાના છેલ્લા પાંચ વર્ષ પૈકી ઓછામા ઓછુ ત્રણ વર્ષનુ ધો. 10 ની બોર્ડ પરીક્ષાનું પરિણામ 80 % કરતા વધુ હોય

II. શાળાઓમા ધો.6 થી 12 નો સળંગ અભ્યાસક્રમ ચાલતો હોય

III. ધો. 6 થી 8 પ્રાથમિક વિભાગ અને ધો. 9 થી 12 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનુ સંચાલન એક જ ટ્રસ્ટ/ સંસ્થા દ્વારા થતુ હોય

IV. ધો. 6 થી 10 અથવા ધો. 6 થી 12 સળંગ એક જ કેમ્પસમા ચાલતા હોય.

પસંદ કરેલ શાળાઓની યાદી યોજના માટેના પોર્ટલ પર મુકવામા આવશે. અને દર વર્ષે શાળાઓની પસંદગી યાદી નિયામકશ્રી,શાળાઓ,ગાંધીનગર દ્વારા  પરિણામ અને અન્ય મુદ્દાઓને આધારે અદ્યતન કરવામા આવશે.

# યોજના અંતર્ગત લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રીયા

A. કોમન એન્ટ્રસ ટેસ્ટ પરીક્ષામા કટઓફ કરતા વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ કે જે આ યોજનાનો લાભ લેવાનો વિકલ્પ યોજના માટે બનેલ પોર્ટલ પર આપશે તેવા વિદ્યાર્થીઓના જરુરી દસ્તાવેજો જેવા કે એસ.સી./એસ.ટી.જાતિનુ પ્રમાણપત્ર, સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામા ધોરણ 1 થી 5 મા સળંગ અભ્યાસના આધારો વિગેરે પોર્ટલ પર અપલોડ કરાવવામા આવશે.

B. આ અંગેની જરુરી સુચનાઓ વિદ્યાર્થીઓને જાહેરાત/SMS ના માધ્યમથી આપવામા આવશે.

C. પસંદગી પામેલ વિદ્યાર્થીઓના દસ્તાવેજની ખરાઇ સરકારી શાળાઓના કિસ્સામા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અનુદાનિત શાળાઓના કિસ્સામા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયામકશ્રી, શાળાઓની સુચના અનુસાર કરવાની રહેશે.આ અંગેની વિગતવાર સૂચનાઓ નિયામકશ્રી,શાળાઓ અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા આપવામા આવશે.

D. પસંદગી પામેલ વિદ્યાર્થીઓના દસ્તાવેજની ખરાઇ બાદ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની કામચચલાઉ મેરીટ યાદી પોર્ટલ પર જાહેર કરવામા આવશે.

E. કામચલાઉ મેરીટ યાદીમા સમાવેશ થયેલા વિદ્યાર્થીઓએ ઠરાવની જોગવાઇ મુજબ નિયામકશ્રી,શાળાઓ,ગાંધીનગર દ્વારા પસંદ કરેલ સ્વ-નિર્ભર /અનુદાનિત પ્રાથમિક શાળા અથવા કોઇપણ સરકારી પ્રાથમિક શાળામા ધો.6 મા પ્રવેશ મેળવી તેની વિગતો પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે અને પ્રવેશની પ્રક્રીયાની ચકાસણી બાદ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ નિયમો અનુસાર સ્કોલરશીપના લાભાર્થી બનશે.

# વિદ્યાર્થીઓની પ્રવેશ માટેની પ્રક્રિયા

- વિદ્યાર્થીઓના દસ્તાવેજોની ખરાઇ પછી જે વિદ્યાર્થીઓ આ સ્કોલરશીપ માટે પાત્ર થાય છે તેવા વિદ્યાર્થીઓનુ કામ ચલાઉ મેરીટ લીસ્ટ નિયામકશ્રી,શાળાઓ,ગાંધીનગર  દ્વારા પોર્ટલ પર પ્રસિદ્ધ કરવામા આવશે.
- રાજ્ય કક્ષાની યાદી તૈયાર કરતી વખતે સરકારના ધારાધોરણ મુજબ અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામા આવશે અને દરેક કેટેગરીમા 50 % લાભાર્થી કન્યાઓ રહેશે.
- સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ નિયત સમયમર્યાદામા ઠરાવની જોગવાઇ મુજબ કોઈપણ શાળામાં ધો.6 માં પ્રવેશ મેળવી શકશે.
- શાળાઓએ આ રીતે સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને જ્યારે ધો.6 મા પ્રવેશ આપવામા આવશે ત્યારે તેવા વિદ્યાર્થીઓને તેઓની શાળાઓમા પ્રવેશ બાબતનુ જનરલ રજિસ્ટર નંબર સાથેનુ પ્રમાણપત્ર, શાળાના આચાર્યના સહિ અને સિક્કા સાથે વિદ્યાર્થીઓને આપવાનુ રહેશે અને આ પ્રમાણપત્ર વાલીએ પોર્ટલ પર સૂચના અનુસાર નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાનુ રહેશે.
- પસંદગી મુજબની શાળામા પ્રવેશ મેળવવાની સંપુર્ણ જવાબદારી વિદ્યાર્થીઓની અને વાલીની રહેશે.

# યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને મળવાપાત્ર લાભો

- જે વિદ્યાર્થીઓ સ્વ નિર્ભર શાળાઓમા ધો.6 મા પ્રવેશ મેળવશે તેવા વિદ્યાર્થીઓને સ્કોલરશીપનો લાભ ધો. 6 થી શરુ કરી ધો.12 પુર્ણ કરે ત્યા સુધી નીચે મુજબ મળવાપાત્ર રહેશે.
  - ધો. 6 થી 8 નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રુ.20,000/-
  - ધો. 9 થી 10 નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રુ.22,000/-
  - ધો. 11 થી 12 નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રુ.25,000/-
- જે વિદ્યાર્થીઓ **સરકારી અને કોઇપણ અનુદાનિત** શાળાઓમા ધો.6 મા પ્રવેશ મેળવીને ધો. 6 થી 12 નો અભ્યાસ આ શાળાઓમા વિના મુલ્યે મેળવવાનુ ચાલુ રાખે તેવા વિદ્યાર્થીઓને નિ:શુલ્ક અભ્યાસ ઉપરાંત નીચે મુજબની વધારાની સ્કોલરશીપ આપવામા આવશે.
  - ધો. 6 થી 8 નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રુ. 5000/-
  - ધો. 9 થી 10 નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રુ. 6000/-
  - ધો. 11 થી 12 નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રુ. 7000/-

- કોઈપણ શાળામા ધો. 9 થી 10 અથવા ધો. 9 થી 12 અનુદાનિત શાળા તરીકે ચાલતા હોય અને ધો. 6 થી 8 સ્વ નિર્ભર શાળા તરીકે ચાલતી હોય અથવા ધો. 6 થી 8 અનુદાનિત તરીકે અને ધો. 9 થી 10 અથવા ધો. 9 થી 12 અથવા ધો.11 થી 12 સ્વ-નિર્ભર તરીકે ચાલતી હોય, આવા કિસ્સામા જ્યા ઉપર મુજબની ચારેય શરતો પુર્ણ થતી હોય તો આવી  શાળાઓમા જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે તેઓને જેટલા ધોરણ સ્વ-નિર્ભર તરીકે ચાલતા હોય તેટલા ધોરણ પુરતુ જે તે ધોરણ મુજબ મળવાપત્ર સ્કોલરશીપની રકમ જે તે વર્ષ માટે મળવાપાત્ર રહેશે. આ વિદ્યાર્થીઓને સ્કોલરશીપની રકમ ઉપરાંત મફત બસ પાસની સુવિધા પણ મળશે.

# વિદ્યાર્થીઓને સ્કોલરશીપ રકમની ચૂકવણીની પ્રક્રિયા

A. આ યોજના હેઠળ સ્કોલરશીપની ચૂકવણી નિયામકશ્રી,શાળાઓ,ગાંધીનગર દ્વારા ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફરથી સીધા (DBT) થી વિદ્યાર્થી/વાલીના બેંક ખાતામા જમા કરવામા આવશે.

B. સ્કોલરશીપ રકમની 50% રકમ ખરાઇ કર્યા પછી વહેલામા વહેલી તકે ચૂકવવામા આવશે અને બીજા હપ્તાની 50% રકમ બીજા સત્રની શરુઆતમા વિદ્યાર્થીઓની પહેલા સત્રની ઓછામા ઓછી 80 % હાજરીને આધારે ચૂકવવામા આવશે.

C. સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓની વિદ્યા સમીક્ષા કેંદ્રના ઓનલાઈન એટેંડ્ન્સ પોર્ટલ પર નિયમિત રીતે હાજરી ભરવાની જવાબદારી જે તે સબંધિત શાળાની રહેશે.

## યોજના અંતર્ગત વિદ્યાર્થિઓ જે અનુદાનિત અને સરકારી શાળાઓમા પ્રવેશ મેળવે તે શાળાઓને મળવાપાત્ર નાણાકીય સહાય અને સહાય ચૂકવણીની પ્રક્રીયા

- આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થિઓ અનુદાનિત કે સરકારી શાળાઓમા પ્રવેશ મેળવે તો તે શાળાઓને નીચે મુજબ વિદ્યાર્થી દીઠ નાણાકિય સહાય આપવામા આવશે.
  - I. ધો. 6 થી 8 મા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.2000/-
  - II. ધો. 9 થી 10 મા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.3000/-
  - III. ધો. 11 થી 12 મા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.4000/-

A. દર શૈક્ષણિક વર્ષના જે સરકારી કે અનુદાનિત શાળાઓમા શૈક્ષણિક વર્ષ 80 % હાજરી સાથે પુર્ણ કરે છે એવા વિદ્યાર્થી દીઠની રકમ નિયામકશ્રી, શાળાઓ તરફથી જે તે સરકારી શાળાઓના કિસ્સામા શાળા સંચાલન અને વિકાસ સમિતિ અથવા અનુદાનિત શાળાઓના કિસ્સામા શાળા સંચાલક મંડળના ખાતામા જમા કરવામા આવશે.

B. જે તે અનુદાનિત અને સરકારી શાળાઓમા આ રકમનો ઉપયોગ સમગ્ર શિક્ષા દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓને આપવામા આવતી સંયુક્ત શાળા ગ્રાંટ (School Composite Grant) નો ઉપયોગ કરવા માટેના પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર કરવાની રહેશે.

# યોજનાની અન્ય નોંધપાત્ર શરતો

- વિદ્યાર્થીઓ અને વાલીઓને તેમની પસંદગી મુજબની શાળાઓમાં પ્રવેશ મળે તે  માટે માળખાકીય સુવિધાઓ અને નિયત લાયકાત ધરાવતા શિક્ષકોની ઉપબ્ધતાને ધ્યાને રાખી ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા તેમના સલગ્ન આ યોજના હેઠળ પસંદ થયેલ શાળાઓને વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવા માટે જરુરી છૂટછાટ આપી શકશે.
- ધો.6 થી 12 ના અભ્યાસ દરમિયાન કોઇપણ ધોરણમા વિદ્યાર્થી નાપાસ થાય અથવા શાળા શિક્ષણ છોડી દે અથવા વિદ્યાથીઓ સામે કોઇપણ ગંભીર પ્રકારના શિસ્ત વિષયક પગલાઓ લેવામા આવે તો આ યોજનાનો લાભ નિયમો અનુસાર તેઓને આપવામા આવશે નહી.
- શૈક્ષણિક વર્ષ પુર્ણ થયેથી જો કોઇ વિદ્યાર્થી શાળા બદલવા ઇચ્છે તો તે બાબતે જે તે સમયે નિયામકશ્રી, શાળાઓ,ગાંધીનગર દ્વારા જાહેર કરેલ શાળાઓની અદ્યતન પસંદગી યાદી પૈકીની શાળાઓમા પ્રવેશ મેળવી તે બાબતનુ જનરલ રજિસ્ટર નંબર અને શાળાના આચાર્યના સહિ-સિક્કા સાથે પ્રમાણપત્ર પોર્ટલ પર અપલોડ કરવાનુ રહેશે.

Thank You…